જાદરકર કાવ્યમાળા



લેખક તથા પ્રકાશક,

મણિલાલ જીવરામ ગાંધી જાદરકર.

મુ. જાદર.

[અભિમન્યુનું યુદ્ધગમન, વસંત-સુલોચના, સૌભાગ્ય લક્ષ્મી નાટક, દિલિપસિંહ, ઈત્યાદીના લેખક.]

કીંમત ૦-૪-૦.

જાદરકર કાવ્યમાળા.

લેખક તથા પ્રકાશક:

મણિલાલ જીવરામ ગાંધી જાદરકર.

(અભિમન્યુનું યુદ્ધગમન, વસંત-સુલોચના,
સૌભાગ્ય-લક્ષ્મી નાટક દિલિપસિંહ, ઇન્દ્રવદન
ઇત્યાદીના લેખક.)

વિક્રમાર્ક ૧૯૮૫   ઇ. સ. ૧૯૨૯.

આવૃત્તિ બીજી   પ્રત ૫૦૦.

કિંમત ૦-૪-૦.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાભાઇ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.

અર્પણ પત્રિકા.

દઈ જ્ઞાન–દાન દયાનિધી, જીવન મહીં જ્યોતિ ભરી;
સુખકાર કર શિરપર ધરી, આપત્તિઓ સૌ સંહરી.
અતિ હર્ષથી આ કાવ્યમાળા, ચર્ણમાં અર્પું હરી
વિનવું વિભૂ! સ્વિકારજો, દીન દાસ પર કરૂણા કરી.

લી.

ગુણાનુરાગી કિંકર

મણિલાલ જીવરામ ગાંધી જાહરકર.

પ્રસ્તાવના.

આ કાવ્યમાળાની પહેલી આવૃત્તિની તમામ નકલો ફક્ત પંદર દિવસમાં જ ખપી જવાથી તેમજ હજુ તેની માગણીના સંખ્યાબંધ પત્રો આવતા હોવાથી તુર્તમાંજ બીજી આવૃત્તિ છપાવવાની જરૂર પડી છે. મ્હારા સાહિત્ય વિષયક કાર્યની જનસમાજે આ પ્રમાણે કદર કરી મ્હારા હૃદયમાં જે પ્રોત્સાહન રૂપી સુધાનું સિંચન કર્યું છે તેને માટે જનસમાજનો આ સ્થળે હું અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

કેટલાક પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોએ આ પુસ્તક માટે પોતાના અભિપ્રાય લખી મોકલી મારા ઉમંગને વેગ આપ્યો છે. સુજ્ઞ વાંચક બંધુઓના અવલોકન સારૂ આ અભિપ્રાયો પુસ્તકની અંદર પ્રકટ કરવામાં આવેલા છે.

અત્યાર સુધી કેવળ સામાજીક નવલકથાઓ લખવા તરફ જ મ્હા મન દોરાએલું હતું. કેળવણીખાતાને ઉપયોગી થાય એવું પુસ્તક લખવાનો આ મ્હારો પ્રથમ પ્રયાસ છે, અને આ પ્રથમ પ્રયત્નમાંજ આવી સફળતા મળેલી હોવાથી સ્વાભાવિક રીતેજ આવા પ્રકારનાં પુસ્તકો લખવાની અભિરૂચી ઉત્પન્ન થાય છે.

છેવટે, જે ભક્તવત્સલ પ્રભુની દયાથી હું વારંવાર સાહિત્ય-ક્ષેત્રમાં વિચરવા ભાગ્યશાળી થએલ છું, તે અનંત શક્તિ વિભૂનાં પવિત્ર ચર્ણોમાં પ્રેમપૂર્વક શિર નમાવી અહીં વિરમું છું.

વિજયા દશમી, વિક્રમાર્ક ૧૯૮૫ } **મણિલાલ જીવરામ ગાંધી**
સું. છડર. } **જાફરાબાદ.**

॥ श्रीहरि ॥

જાદરકર કાવ્યમાળા.

બ્રહ્મચર્ય.

આ દેશના ઉદ્ધાર કાજે યત્ન વિધ વિધ થાય છે,
દેશોન્નતિનો મંત્ર ભારત વિર ઉરે દેખાય છે;
પણ સફળતા એ યત્નમાં ના લેશ અવલોકાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૧

નિર્માલ્ય જન સમુદાય ભારતવર્ષમાં નજરે પડે,
બળ-શૌર્ય વિણુ સ્વાતંત્ર્યનો રસ્તો કદાપી ના જડે;
ના એકડા વિણુ શુન્યની કિંમત કશીય ગણાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૨

બળવાન નિર્બળને દમે-આદી અનાદી ન્યાય છે,
રેંશાય છે બકરાં બિચારાં-વાઘ ઇદના થાય છે;
નિર્બળ ધણીની નારને ભાભી કહી સૌ જાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૩

પોઢયા હતા બળના પ્રભાવે ભિષ્મ શરશય્યા પરે,
બળવાન નર હિમ્મત ધરી મુશ્કેલ કામો આદરે;
નિર્બળ તણાં નયને નિરંતર અશ્રુ ઉષ્ણ જણાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૪

તનબળ બરાબર હોય તો મનબળ અલૌકિક સાંપડે,
વસ્તુ સકળ છે સાધ્ય નક્કી વિર્યની રક્ષા વડે;
નિર્વિર્ય થઇ કંગાળ સૌની ઠોકરે અથડાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૫

જાપાન સામું કોઇના બુરી નજર નાખી શકે,
બળવાન સામે બાથ ભીડતાં શી રીતે શત્રુ ટકે;
બળહિન-કેવળ હિંદીઓ પર નજર સૌની જાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૬

જંગલ વિષે નિર્બળ બિચારા વાણીયા લુંટાય છે,
બળવાન નરનું કોઇથી પણ નામ ના લેવાય છે;
જો વાડ કાચી હોય તો ત્યાં ઢોર પેસી જાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ટ ઉપાય છે. ૭

ભીમસેનને ભાળી બિચારા કૌરવો દૂર ભાગતા,
ખળ–દુષ્ટ કે દાનવ–ન કો વીરને કનડવા માગતા;
વ્યભિચારીઓ નિર્બળ વનિતાને સતાવી જાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ઠ ઉપાય છે. ૮

દશ–બાર વયનું બાળ થાતાં લગ્નની બેડી પડે,
વિદ્યા ન પ્રાપ્ત કરાય પોષણની પ્રબળ ચિંતા વડે;
સંતપ્ત થઇ વિધ વિધ દુઃખે સંસારમાં અથડાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ઠ ઉપાય છે.

કાચી કળીને ચુંટતાં પામી શકાય પરાગના,
સમજણ વિના સમજાય ના સિદ્ધાન્ત સુંદર ત્યાગના;
કાચી વયે સંતાનના બળ બુદ્ધિશાળી થાય છે,
ના બ્રહ્મચર્ય સમો ઉદયનો અન્ય શ્રેષ્ઠ ઉપાય છે. ૧૦

પેટ માટે.

જન પેટ કાજે યત્ન વિધ વિધ સેવતા દેખાય છે,
વ્હાલું વતન ત્યાગી અહા! દુર દેશમાં દોરાય છે;
ના માન કે અપમાનની પરવા જરાય કરાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૧

લોકો ઉદરને કારણે કરતારનો ભય ના ગણે,
છળ-બળ કરે ન જરા ડરે સિદ્ધાન્ત ધર્મ તણા હણે;
સમજે ન સાચી વાત આખર મૂર્ખ બહુ પસ્તાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૨

માફક ન હોય શરીરને પરદેશની આબોહવા,
તો પણ કઠણ થઇ જાય છે હા! ઉદરને સંતોષવા;
લે છે દવા વૈદ્યોતણી બે હાલ આખર થાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૩

લોકો ઉદર કાજે જુઓ! નારી બનીને નાચતા,
કડછો ધરી કરમાં બહુ જન ભટ્ટ થઇને રાચતા;
પરવા તજી જીવન તણી લશ્કર વિષે પણ જાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૪

સંસારની જંજાળ ત્યાગી સાધુઓ ભગવા ધરે,
પણ પેટ ના છોડે જુઓ ઝોળી લઇ જ્યાં ત્યાં ફરે;
થાતાં સમય અગીયારનો સૌ કામ ભૂલી જાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૫

ભણતર ભણીને પેટ કાજે ભૃત્ય થઇ ભમવું પડે,
શેકાય છે લાખો જનો એ પેટની ચીંતા વડે;
પરણ્યા પછી નવયુવક તુર્ત તજી તરૂણી જાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૬

માતા, વિદેશે પુત્ર પ્યારો પેટ કાજે મોકલે,
ન સહાય હોય ? વિયોગ જનની બ્હાવરી થઇ ટળવળે;
કેવું અલૌકિક પેટ છે ! કદીએ ન પૂર્ણ ભરાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૭

જન પેટ કાજે પુત્રીઓને વેચવા લલચાય છે,
થઇ કુટિલ કાળાં કર્મ કરવા પેટ માટે ન્હાય છે;
માનવ જીવનની અધમતા ન જણાવતાં અચકાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૮

પંડિત હો કે મૂર્ખ હો! છે પેટ વળગ્યું સર્વને,
અદ્ભુત પ્રભાવ દિસે! હરે છે ભલભલાના ગર્વને;
કુળવાન કુળહીનના ભુવનમાં પેટ કાજે જાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૯

બહુ ટેક ધારી નર નમે છે ઉદર કેરા કારણે,
અપકીર્તિમય જીવન બનાવી પાપના કિલ્લા ચણે;
વિકરાળ કાળ તણી ભીતી, થઇ અંધ ભૂલી જાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૧૦

જન દુષ્ટને ચીતરે દયાળુ પેટ પાપી પોષવા,
શયતાનને ગુણિયલ કહે નિજ ઉદરને સંતોષવા;
નીચા નમી ભરતા સલામો નફટને દેખાય છે,
પાશેરના ઉદર તણી પીડા પ્રચંડ જણાય છે. ૧૧

પ્રીતી.

પરિતાપકર છે પંથ બહુ પ્રીતિતણો સંસારમાં,
એ પંથ પર પળનારને સંકટ પડે છે કારમાં;
મધુકર કમળમાં લુબ્ધ થઈ નીજ પ્રાણુને અળગો કરે,
પ્રેમાંધ થઇ દિપક તણા તેજે પતંગ બળી મરે. ૧

કળિયુગમાં સૌ સ્વાર્થનું કરતા ભજન દેખાય છે,
નિજ અર્થ સરતાં મિત્ર કે બંધુ–બધા દુર જાય છે;
વાટે અને ઘાટે ન પ્રેમ તણો પરિમળ સાંપડે,
સાચો–અલૌકિક પ્રેમ ના ગાંધી તણા હાટે જડે. ૨

વાતો કરી જન પ્રેમની ફોકટ ઉરે મલકાય છે,
સંકટ સમયમાં પ્રેમને તરછોડી ચાલ્યા જાય છે;
સાચી પ્રીતી છે શિર સાટે ના કદી બદલાય છે,
સાચી પ્રીતી પીનારને ના સ્વાર્થનો વા વાય છે. ૩

એવા વિરો આપત્તિ કે સુખમાં રહે સરખા સદા,
ડરતા નથી પ્રેમી જનો કર્તવ્યને કરતાં અહા;
પડતાં જરૂર શિરની કદી પ્રેમી ન મન કચવાય છે,
હિમ્મત ધરી હસતા મુખે–તૈયાર મરવા થાય છે. ૪

સાચી પ્રીતી શ્યામાતણી પતિને જીવન અર્પણ કરે,
દુઃખમય દશા આવે છતાં નિજ નાથને ના પરહરે;
કોમળ છતાં દમયંતી પ્રિતમ સાથ જંગલમાં પળી,
તજી પ્રાણ કે સતીયો પતિને સ્વર્ગમાં પણ જઇ મળી. ૫

ના પ્રેમીને પ્રિયજન વિના સુખકાર કંઇ દેખાય છે,
ગાંધર્વને દેવો સકળ સાચી પ્રીતીને વ્હાય છે;
ભળતાં વિકાર પ્રાતિ વિષે અતિ કષ્ટદાયક થાય છે,
એવો વિકારી પ્રેમ સ્વાર્થ પુરો થતાં પલટાય છે. ૬

ગણિકા ગૃહે મોહાંધ થઇ કઇ માંકડા અથડાય છે,
પડતાં પછી જુતાં કપાળે કર દઇ પસ્તાય છે;
સાંદર્યના આકર્ષણે અજ્ઞાન જન ખેંચાય છે,
લોભાય છે બીજે સ્થળે ફિકકું વદન જ્યાં થાય છે. ૭

હીરા–મણી મુક્તાતણા જે તેજમાં અંજાય છે,
થાતાં પરિવર્તન દશાનું નર નયન ઉભરાય છે;
સંસારીઓના સ્નેહમાં સુખ લેશ ના દેખાય છે,
નિર્ધન અને ધનવાન સૌ દુઃખદગ્ધ અવલોકાય છે. ૮

નિઃસાર આ સંસારમાં અનુરાગ ના ધરવા ઘટે,
તૃષ્ણા તણી આપત્તિકારક આગ ના કદીએ મટે;
છે ચલિત ધન-ભૂવન મુકી ચાલ્યું જવું છે છેવટે,
સ્નેહી-સગાંના સ્નેહને સમજ્યા વિના મિથ્યા રટે. ૯

સંપ.

સુતર તણાં બે ચાર તંતુ સ્હેલથી તોડાય છે,
પણ થાય જો એકત્ર અગણિત વસ્ત્ર સુન્દર થાય છે;
વારિ તણા વહેળા જુઓ રવિ તાપથી સુકાય છે,
સાગર તણું નીર કદી ના ઓછું થતું દેખાય છે. ૧

માટી ચુનો ને લાકડાં એકત્ર જ્યારે થાય છે,
મજબુત અને સગવડ ભર્યું ભુવન રૂડું બંધાય છે;
જો સંપ હોય કુટુંબમાં તો સ્વર્ગ સમ સુખ સાંપડે,
સંયુક્ત બળધારી જનોને શત્રુ ના કદીએ નડે. ૨

તરૂવર અરણ્યે એકલું તોફાનથી ભાંગી પડે,
ઉત્કર્ષના સુખપ્રદ ઉપાયો સંપ વિના ના જડે;
કૌરવ સમાન કુશળ વિરો કુસંપથી માર્યા ગયા,
નૃપ વર અનેક કુસંપથી દાસત્વ ભોગવતા થયા. ૩

કુસંપ પદ સંચારથી પ્રિય હિન્દ માત પીડાય છે,
સાધન છતાં સુખનાં સકળ બેહાલ હાલ જણાય છે;
જે સ્થાનમાં સન્માન સુખકર સંપ કેરૂં થાય છે,
લક્ષ્મી અને વિદ્યાકળા ત્યાં વાસ કરવા ચ્હાય છે. ૪

વાતાવરણ સુખમય બને દુઃખ કલેશ ના દેખાય છે,
સંપે મળી સૌ ઉન્નતીનાં ગાન મંગળ ગાય છે;
ઇચ્છિત હક્કો મેળવે સંયુક્ત બળ રૈયત તણું,
સંયુક્ત બળ વ્યાપારીઓનુ મેળવે છે ધન ઘણું. ૫

સંયુક્ત બળધારી કદી દુઃખ જોઇ ના ગભરાય છે,
નિર્ભય નકી નર જાણવો જેને ઘણાંની સ્હાય છે;
જો અંગના અવયવ બધા સંપે મળીને ના રહે,
પગ, હાથ, મુખને પેટ સૌ દુશ્મન બની લડવા ચહે. ૬

પોષણ મળે નહિ લેશ પળમાં પાયમાલી થાય છે,
વિણુ સંપના સપાટથી પણુ તાજને સચવાય છે;
વાજીંત્રના સુર સંપથી એકત્ર જયારે થાય છે,
મોહક ધ્વનિ નીકળે હૃદય આનંદમય થઇ જાય છે. ૭

પ્રભુ ભક્તિ.

સંસારની માયા વિષે જન અંધ થઇ અંજાય છે,
સમજે ન લાભાલાભ અક્કલહીન ગોથાં ખાય છે;
સાથે ન લાવ્યા માલ સૌ મુકી બધું અહિં જાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફલ જીવન થાય છે. ૧

કર્તવ્યને વિસરે કુટિલ મોહાંધ થઇ વૈભવ મહિં,
ભવભ્રમ વિદારક શ્રીહરિને લેશ યાદ કરે નહિં;
બાંધી શીલા છાતી ઉપર ઉધ્ધુક્ત તરવા થાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૨

બહુ યત્નથી ધન મેળવીને પ્રાણુ સમ રક્ષણ કરે,
લાવી દયા દિલમાં કદી ના રંકનું સંકટ હરે;
થાતાં અચાનક આગમન યમ દૂતનું અકળાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૩

ધન-ભુવન મોહક વસ્તુઓ સૌ ચલિત છે સંસારની,
મળ-મુત્રમય આ દેહ છે વાતો વિફળ સૌ પ્યારની;
મૃગજળ વિલોકી મૂર્ખમન આતુર બની લલચાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૪

જે સમય જન્મ લીધો જગતમાં રૂદનનો કીધો ધ્વનિ,
ના રૂદન વિણુ બીજું કશું ભક્તિ કરી ના શ્યામની;
જળમાં થઇ અગણિત પરપોટા ફૂટી જ્યમ જાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૫

જ્યમ પાનખરમાં વૃક્ષ પરથી પાંદડાં પુષ્કળ ખરે,
જન્મે અસંખ્ય મનુષ્ય વય પુરી થતાં નક્કી મરે;
તૃષ્ણા તણી જ્વાળા પ્રબળ મરતાં સુધી ન બુજાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૬

જન સેંકડો નજરે દીઠા ચાલ્યા જતા યમ દ્વારમાં,
તો પણ બને મન લીન ના ફિરતાર ફેરા પ્યારમાં;
મર્કટ સમું મન છે અહા! પલટાય છે પળ વારમાં,
અથડાય છે બહુ વાર પણ સમજે ન સારા સારમાં. ૭

પરિતાપકર વસ્તુ વિષે અનુરાગ ના ધરવો ઘટે,
શા કામનાં સ્નેહી સગાં સોબત કરે ના છેવટે;
પાણી તણા મંથન વડે માખણ કદી ન જણાય છે,
સર્વેશની ભક્તિ વિનાના સફળ જીવન થાય છે. ૮

ગાડી બગીચે મ્હાલનારા નર અનેક ગયા મરી,
બળ-શૌર્ય મંડિત વીરપર પણ મૃત્યુની છાયા ફરી;
થાતાં સમય મુકી બધું અહિ-સર્વ ચાલ્યા જાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૯

રાવણ સમા રણ વીર નૃપ પણ મ્હોતને આધિન થયા,
શિશુપાલ-દુર્યોધન સમા નિજ તાજને ત્યાગી ગયા;
વિદ્વાન હો કે મૂર્ખ હો-સૌ એક રસ્તે જાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૦

જન દેહને ઢરવા સુગંધિત તેલ અત્તર છાંટતા,
પ્રતિબિંબને દર્પણ મહીં અવલોકીને રાજી થતા;
કો દ્રવ્યના ભંડારથી મનમાં બહુ ફુલાય છે,
સર્વેશની શક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૧

મન મગ્ન થઇ દારા મહીં ભગવાન ભુલી જાય છે,
અમૃતને અળગું કરી વિષ પ્રાણહારક ખાય છે;
કઠ્ઠો નિહાળી કાયનો હા! કર્મહીન લલચાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૨

લેતાં વિભુનું નામ દામ ન ગાંઠનો દેવો પડે,
બાજી છતાં નીજ હાથમાં મન અન્ય રસ્તે આથડે;
મોહક મઢેલું ચામડું નીરખી નફ્ટ લોભાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૩

જૂતાં પડે બહુ જગતમાં પણ પુનઃ પાપી ચ્હાય છે,
માફક ન આવે ચીજ તે અકરાંતીયો થઇ ખાય છે;
યમરાજનો હલ્લો થતાં મનમાં બધું રહી જાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૪

શાને દીધો છે જન્મ શ્રીજગદીશ્વરે કરૂણા કરી,
કર્તવ્ય શું છે આપણું એ વાત કદીએ ના સ્મરી;
સંસારના ખટરાગમાં આખું જીવન વહી જાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૫

કેવી અજબ શક્તિ દિસે આ સૃષ્ટિના રચનારની,
વિધવિધ બનાવી વસ્તુઓ પ્રાણી તણા આહારની;
રવિ-ચંદ્ર જેના હુકમથી હાજર નિયમસર થાય છે,
સર્વેશની ભક્તિ વિના ના સફળ જીવન થાય છે. ૧૬

નિરખી મહાસાગર મતી મુંઝાય છે માનવ તણી,
આશ્ચર્ય મુગ્ધ બને હૃદય જોતાં પ્રભાતે નભ ભણી;
વન ઉપવને પક્ષી મનોહર ગાન સુંદર ગાય છે,
સર્વેશની અકળીત કળાનો પાર ના પામાય છે. ૧૭

પર્વત પ્રચંડ અનેક જો! આકાશથી વાતો કરે,
વિકાળ વાઘ સમાં પશુ અહીં તહીં અરણ્યે વીચરે;
પુષ્પો પરાગ ભર્યા કર્યા આનંદ ઉર ઉભરાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૧૮

લીધા વિના કિંમત રતી અતિ કીંમતી આપી હવા,
અમૃત સમાં બહુ ફળ કર્યાં ભૂખ દુઃખને સંહારવા;
સરિતા ભરી નિર્મળ નિરે તિરપર તરૂ દેખાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૧૯

સૃષ્ટિ વિશાળ વિષે દિસે લોકો વિવીધ પ્રકારના,
વર્ણન કરે કવિઓ સદા આવે છતાં પણ પાર ના;
માયા મુકી માનવ હૃદયમાં મુગ્ધ થઈ ખેંચાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૨૦

નાટક સમી છે વાત આ દુનિયા તણા વ્યવ્હારની,
માનવ બની પાત્રો રમે ઇચ્છા મુજબ કીરતારની;
દોરી ધરી નિજ કર મહિં એનું કર્યું સૌ થાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૨૧

સમજ્યા વિના અજ્ઞાન જન આશા તણા કિલ્લા ચણે,
છાયા વિલોકી કષ્ટની પાણી ભરે છે પાંપણે;
ચિંતા કરે છે વ્યર્થ અર્થ તણી ન સિદ્ધિ થાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૨૨

સુખના સમયમાં મુર્ખ મન મસ્તાન થઈ ફુલાય છે,
કરૂણા નિધાન ભૂલી જઇ ભૂ પર ધરે ના પાય છે;
તૃષ્ણા તણો તંતુ દુઃખદ આકાશ સુધી જાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૨૩

સુખ પામવા સૌ લોક વિધવિધ જાતના યત્નો કરે;
તન ભાન ભુલી શ્વાન પેરે સુખને માટે ફરે;
સમજે ન સુખનો મર્મ કર્મ વિહીન ગોથાં ખાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૨૪

ધનમાંજ જો સુખ હોય તો શિદ ધનિક ચિંતામાં ફરે,
સુખ દુઃખની વ્યાખ્યા અલૌકિક વિરલ ઉરમાં ઉતરે;
અજ્ઞાન કેરૂં વાદળું ના પુણ્ય વિણ વેરાય છે,
સર્વેશની અકળિત કળાનો પાર ના પામાય છે. ૨૫

ભક્તિરૂપી ભવસાગરે તરવા તણું શુભ નાવ છે,
ચેતે ન તે નર મૂર્ખ આ હાથે ચડેલો દાવ છે;
ઇશ્વર ભજન વિણુ અચળ સુખનો અવરના ઉપાય છે,
સર્વેશની ભક્તિ વિન ના સફળ જીવન થાય છે. ૨૬

પામ્યા અચળ પદ ધ્રુવજી ભય હારિણી ભક્તિવડે,
યદુકુળતિલક રટનારને ફરી જન્મ ના લેવો પડે;
દુઃખ કલેશ કામ વિચાર સૌ ભક્તિવડે દુર જાય છે,
સર્વેશની ભક્તિ વડે આ સફળ જીવન થાય છે. ૨૭

ભક્તિ પ્રભાવ વડે મીરાંનો વિમળ યશ સૌ ગાય છે.
નરસિંહ નામોચ્ચારથી અંતઃકરણ ઉભરાય છે;
સુખકાર શરણું પામતાં થઈ ભય રહિત ફરાય છે,
સર્વેશની ભક્તિ વડે આ સફળ જીવન થાય છે. ૨૮

પારસમણી પામ્યા પછી ચિંતા ન દ્રવ્ય તણી રહે,
બળ ભક્તિનું જાણ્યા પછી ના ષડરિપુ અંતર દહે;
થાતાં ઉદય રવિ દેવનો દુર તિમીર જગનું થાય છે,
સર્વેશની ભક્તિવડે જીવન સફળ થઈ જાય છે. ૨૯

ઉદ્યોગ.

પાશ્ચમના લોકો પ્રતિ પ્રિય હિન્દીઓ દૃષ્ટિ કરો,
નિજ દુર્દશા દેખી નિરંતર શીદ જળ નયને ભરો;
રડવા થકી પરિતાપકે દારિદ્રય ના દુર થાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૧

તૈયાર હોય અનાજ પણ પરિશ્રમ વિના ન ખવાય છે,
ચર્ણો છતાં પણ શ્રમ લીધાવીણ કો સ્થળે ન જવાય છે;
સાધન છતાં ઉપયોગ વિણ ના સફળ આશા થાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૨

ચોરા ઉપર થઇ એકઠા બહુ જન બગાસાં ખાય છે,
યા ભૂત કાલીન વૈભવો સંભારીને ફૂલાય છે;
ના સમયની કિંમત કશી અંતર વિષે અંકાય છે,
ઉદ્યોગના સેવન વિના ઉત્કર્ષ ના દેખાય છે. ૩

આળસ તણું આપત્તિકર બળ દેશમાં જામ્યું અતિ,
ફેશન મહીં ફરતા નિરંતર હોય ના સુધરે મતિ;
પરદેશપર સૌ વસ્તુનો આધાર આજ રખાય છે,
ઉદ્યોગના સેવન વિના ઉત્કર્ષ ના દેખાય છે. ૪

અણમોલ ઔષધ દેશનાં પરદેશીઓ લઇ જાય છે,
અર્કો બનાવે બુદ્ધિપૂર્વક સૌ સ્થળે-વેચાય છે;
મોહક બનાવી મોટરો લેવા જનો લલચાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૫

બહુ યત્નપૂર્વક તાર-ટેલીફોનની સગવડ કરી,
વિધ વિધ કરી હુન્નર-કળા કંગાલીયતને સંહરી;
સુખ ભોગવે મન ભાવતાં આનંદ મગ્ન જણાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૬

કરી યત્ન પામ્યા ધ્રુવજી ભવ ભય વિદારક શ્રીહરી,
ભક્તો અનેક પ્રયત્નથી દરિયો ગયા દુઃખનો તરી;
પરિશ્રમ થકી અદ્ભુત પરિવર્તન જીવનમાં થાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૭

મ્હેનત વડે કંગાલ જન ધનવાન નિશ્ચય થાય છે,
પરમાર્થને પોષી સદા સુખની નદીમાં ન્હાય છે;
સત્કાર પામી સૃષ્ટિમાં કીર્તિ જમાવી જાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૮

મ્હેનત વિના ના ઉદરમાંથી અન્ન પાચન થાય છે,
આળસ વડે જન આખરે દુર્બળ બની પસ્તાય છે;
આળસ સમો ના સર્વ નાશક શત્રૂ અન્ય ગણાય છે,
ઉદ્યોગના સેવન વિના ઉત્કર્ષ ના દેખાય છે. ૯

કરવા થકી શુભ કામ ના કદી દામનો તોટો પડે,
કંગાલીયત રૂપ દૈતના ઉદ્યોગીની નજરે ચડે;
પરિશ્રમ વડે બળ-બુદ્ધિની વૃદ્ધિ નિરંતર થાય છે.
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૧૦

ઉદ્યોગથી જાપાન જગતમાં માનવંત ગણાય છે,
અમેરિકાને જર્મની યત્નો વડે વખણાય છે;
ઉદ્યોગ હીન ના હિંદ કેરો ભાવ લેશ પૂછાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૧૧

ઉદ્યમ વડે કૃષિકાર અન્ન જમીનમાંથી મેળવે,
ઉદ્યમ વડે જન સિંહ વાઘ સમાં પશુ પણ કેળવે;
મ્હેનત વડે સુતર તણાં વસ્ત્રો મનોહર થાય છે,
ઉદ્યોગના સેવન વડે ઉત્કર્ષ અવલોકાય છે. ૧૨

જ્ઞાતિવરા.

નિરખી રિવાજો હિંદુઓના વ્યથિત અંતર થાય છે,
સમજ્યા વિના આંખો મીંચી ગાડું ચલાવે જાય છે;
પરિતાપ–કર પરિણામનો ન વિચાર લેશ કરાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૧

પહેરી પીતાંબર પ્રેમથી માતંગ સમ મલકાય છે,
મિષ્ટાન્ન વિણુ ઉર કલ્પના બીજી કશી ન જણાય છે;
બે ત્રણ વખતનું એકઠું અકરાંતીયા થઇ ખાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૨

રણક્ષેત્રમાં સૈનિક જ્યમ તનભાન ભૂલી જાય છે,
મન મોકળું રાખી અહિં સૌ ખંતપૂર્વક ખાય છે;
ના સ્વચ્છતા કે નિયમનું પાલન જરીય કરાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૩

ના હોય સગવડ દામની તો કરજના કુપમાં પડે,
ઘરબાર મૂકે ગિરવી ન ઉપાય જો બીજો જડે;
મારી તમાચો ગાલ લાલ બનાવવા સૌ ચ્હાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૪

થાતાં મરણુ શિરછત્રનુ આંસુ નયન ઉભરાય છે,
અસહાય અવલોકી દશા મનમાં બહુ મુંઝાય છે;
એવે સમે પણ જમણુ ઘી ચુરમાતણું લેવાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૫

તિલક કરે માળા ધરે કર શુદ્ધ જળથી ન્હાય છે,
ઠાકોર મંદીરમાં નિરંતર નિયમપૂર્વક જાય છે;
કંગાલનું દુઃખ જોઇને અંતર મૃદુ ના થાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૬

હદ વગરનું ધન ધનિક લોકો લગ્ન સમયે વાપરે,
નિજ દેશની કંગાલીયતનો ખ્યાલ ના દિલમાં કરે;
ઘી-દૂધની સરિતા વહાવે ના હિસાબ ગણાય છે,
જ્ઞાતિ વરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૭

વિદ્યા-કળા કેરી સ્થીતિ દુર્બળ અતિ દેખાય છે,
સાધન વિના વિધવા અનેક થતી પતીત જણાય છે;
એવે સ્થળે ધન ના મળે ના રંક સંતોષાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૮

જે જ્ઞાતિમાં બંધન જમણનું ફરજીયાત ગણાય છે,
ઉત્કર્ષના ભાનુ તણો ન પ્રકાશ ત્યાં દેખાય છે;
થાતાં તગાદો આકરો કુળવાન કે વિષ ખાય છે,
જ્ઞાતિવરાના ચાલથી બેહાલ લોકો થાય છે. ૯

આધુનિક શિક્ષણપ્રથા અને શિક્ષકોની મનોદશા.

ગોટી તણો ઉપયોગ બહુ જોરથી થતો દેખાય છે,
બાળક હૃદયને જેલનો અનુભવ નિરંતર થાય છે;
જે વિષયની ના જરૂર તે પણ ફરજીયાત ગણાય છે,
એવી પ્રથા શિક્ષણ તણી સુખકાર ના લેખાય છે. ૧

જોતાં મુસારો શિક્ષકોનો નયન ભીનાં થાય છે,
કરવા છતાં કરકસર પણ વ્યવહાર ના જળવાય છે;
અંતર નિરંતર તંગીની ભઠ્ઠી વિષે શેકાય છે,
એવી પ્રથા શિક્ષણ તણી સુખકારના લેખાય છે. ૨

અધિકારીઓ પરિણામ ઉત્તમ દેખવા ચિત્ત ચ્હાય છે,
સાધન અને સગવડ તણી પરવા જરી ન કરાય છે;
બકરી સમા શિક્ષક બિચારા રાતદિન પસ્તાય છે,
સર્વેશ વિણુ સૃષ્ટિ વિષે એને ન કોની સ્હાય છે. ૩

પરદેશના ઇતિહાસ કાજે શ્રમ બહુ લેખાય છે,
ના રામ, કૃષ્ણ તણાં જીવન સંભાળથી શિખવાય છે;
ના બાણુ, માઘ તણાં વૃત્તાંતો વ્હાલથી વંચાય છે,
પરદેશીઓમાં શ્રેષ્ટતા સ્કુલો વિષે લેખાય છે. ૪

પરિણામમાં બાળક-ઉરે એવોજ નિશ્ચય થાય છે,
ગૌરવ વિહિન આ દેશ છે પરદેશનાં ગીત ગાય છે;
બી. એ. બનીને નોકરી કાજે અહા અથડાય છે,
એવી પ્રથા શિક્ષણુ તણી સુખકાર ના લેખાય છે. ૫

વ્યવહારૂ શિક્ષણુ લેશ પણુ શાળા વિષે ન અપાય છે,
પોપટ સમાન પઢે બિચારા શુષ્ક જ્ઞાની થાય છે;
વ્યવહારમાં પડતાં અતિ અનુભવ વિના અકળાય છે,
એવી પ્રથા શિક્ષણુ તણી સુખકાર ના લેખાય છે. ૬

મેટ્રીકને બી. એ. રઝળાતા માર્ગ પર દેખાય છે,
પચ્ચીસમાં પણ પેટ ભરવા હાય ! એ લલચાય છે,
હુન્નર કળારૂપ પાંખ વિણુ અપંગ એ દેખાય છે,
એવી પ્રથા શિક્ષણુ તણી સુખકાર ના લેખાય છે. ૭

અંધ શ્રદ્ધા.

આ દેશમાં સાધુ તણાં ટોળાં બહુ ઉભરાય છે,
અલમસ્ત અંગ છતાં અતિશય પ્રેમથી પોષાય છે;
અણુમોલ સ્વર્ગ તણો ઇજારો હસ્તમાં દેખાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધુર્ત લુંટી જાય છે. ૧

શાળા તણા શત્રુ બની સંસારમાં જોડાય છે,
ખાવા શિખેલ હરામનું શ્રમ અંગથી ના થાય છે;
વ્યવહારના પાલન મહીં મુશ્કેલીઓ દેખાય છે,
ટાળવા સકળ એ આપદા સંસાર ત્યાગી જાય છે. ૨

પટકુળને પીળાં કર્યા પણ દિલ ના રંગાય છે,
સુખ–ભોગની ઇચ્છા તણો ના ત્યાગ ઉરથી થાય છે;
નિરખી વિલક્ષણ વેષ ભોળા લોક બહુ ભરમાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૩

વાતો કરે વૈકુંઠની વૈરાગ્યનાં પદ ગાય છે,
ભાવીક જન–મન શાન્તી માટે પ્રેમ પૂર્વક જાય છે;
અંતર શકે ના ઓળખી ખત્તા પછીથી ખાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૪

ગાંજો ફુંકે દશવાર દિનમાં રકત નેત્ર જણાય છે,
પ્યાલી પ્રતિ પણ પ્રેમ સાધુજી તણો દેખાય છે;
નીરખી નયન નવયૌવનાનાં તૂર્ત ઘાયલ થાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૫

ના ધર્મનો કક્કો કદી જીવન વિષે ઘુંટેલ છે,
વિણ મ્હેનતે સુખ પામવા કીધો ખરેખર ખેલ છે;
મુખમાં હરી પણ વિષ કાતિલ હ્રુદયમાં દેખાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૬

મન ભાવતાં ભોજન નિરંતર નિયમ પૂર્વક સાંપડે,
હૈયા-ફુટેલ જનો બહુ વંદન કરી પગમાં પડે;
ગોલોકની લાલચ વડે શિષ્યો અનેક ઠગાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૭

આંખો છતાં થઇ આંધળા ન તપાસ લેશ કદી કરે,
લોભી તણા સમુદાયમાં ના ફુર્જનો ભૂખે મરે;
કંજુસ પણ ભેટો મુકી કૃત કૃત્ય મનમાં થાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૮

આજે અનેક સ્થળે દુકાનો ધર્મની દેખાય છે,
આચાર્યના વૈભવ તણી નૃપથી ન સ્પર્ધા થાય છે;
મોટર મહીં બેસી નિરંતર પાલવાપર જાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૯

મંદિરમાં બહુ માનિનીનાં શિયળ વ્રત છેદાય છે,
શતો તણા મેદાનમાં આચાર્ય કૈંક જણાય છે;
આવા ભયંકર ધર્મમાં પણ દોષના દેખાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૧૦

સાચા હરિના ભક્તને ને અન્નજ ખાવાનું મળે,
અણુમોલ દે ઉપદેશ પણ ના ઉરની આશા ફળે;
વૈચિત્ર્ય નિરખી વિશ્વનું અંતઃકરણ અકળાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૧૧

બળ અંધ શ્રદ્ધાનું બહુ જામી ગયેલ જણાય છે,
કાગળ તણી નોકા કરી સિંધુ ઉતરવા જાય છે;
પરલોકની વાતો વિષે સમજ્યા વિના અંજાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૧૨

બાવાતણી વૃદ્ધિ વડે ભારત ભૂમિ પિડાય છે,
એવા હરામી પોષવાથી પુણ્ય ના લેખાય છે;
ઇશ્વર ભજન વિણ ભવ તણું બંધન કદી ન કપાય છે,
ધન ધર્મને બ્હાને બહુ જન ધૂર્ત લુંટી જાય છે. ૧૩

સદ્ગુરુ મહિમા.

(ધનાશ્રી)

સદ્ગુરુનાં ગુણગાન કરો સૌ સદ્ગુરુનાં ગુણગાન,
વિદ્યાની વાડી વિકસાવે વિશ્વે વધારે માન—કરો સૌ૦
સંપ તણી સાંકળમાં જોડે ક્લેશ તણા લે પ્રાણ—કરો સૌ૦
સેવાનો શુભ મંત્ર બતાવી સદ્ગુણનું દે દાન—કરો સૌ૦
વાદળ મોહતણાં વિખેરી શાન્ત કરે તોફાન—કરો સૌ૦
સંત સમા સુખદાયક થઇને આપે અનુપમ જ્ઞાન—કરો સૌ૦
આશીશ માગો શીશ નમાવી વિર સકળ ગુણવાન—કરો સૌ૦

ભારતના નવયુવકોને.

(ગઝલ)

કરો કંઇ દેશને સારૂ સફળ અવતાર કરવાને,
વિદારો ઉર અંધારૂં સફળ અવતાર કરવાને;
તિલકને દાસ સંભારો ગણી નિજ દેશને પ્યારો,
દુઃખી દીન બંધુઓ તારો સફળ અવતાર કરવાને;

વિલોકો સંત સમ ગાંધી પ્રીતિ બંગાલથી સાંખી,
વિરા એ મંત્ર દિલ ધારો સફળ અવતાર કરવાને;
નથી સુખ દ્રવ્ય હારામાં ફના અંતે થનારૂં છે,
કરો કીર્તિ અમર જગમાં સફળ અવતાર કરવાને;
હજારો જન્મ પામે છે મરે છે જંતુઓ પેઠે,
ધરો એ વાત અંતરમાં સફળ અવતાર કરવાને;
પથિક, પંડિત ને લાલા, ધરી કર દેશની માલા,
નિહાળો દેશ બંગાલા સફળ અવતાર કરવાને,
જનુની દુધ દિપાવી સુધારો દેશનું ભાવી,
અમોલી આજ તક આવી સફળ અવતાર કરવાને.

આજકાલના પુત્રો.

બહુ હેતથી માતા પિતા બાલક તણું પાલન કરે,
રાજી નિરંતર રાખવા ધન નિર પેઠે વાપરે;
રડતું સુણીને મધુર સ્વરથી માત ગીતો ગાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે.

કંઇ રોગ થાય શરીરમાં તો ચૈન ના માને પડે,
ના ભાવથી ભોજન કરે જળ નયનમાં લાવી રડે;
ઓસડ કરે અતિ યત્નથી જાતે દુ:ખી દેખાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે.

ના હોય સગવડ દામની પણ આશ બાળકની પુરે,
પજવે વગર સમજ્યે છતાં ઓછું ન મા લાવે ઉરે;
વાત્સલ્ય વ્હાલ તણી કહી કીંમત કરી ન શકાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે.

વય પામતાં વિદ્યા ભણી ચાતુર્ય મંડિત થાય છે;
માતા-પિતા પ્રિય પુત્રને પરણાવવા લલચાય છે;
વેચે ઘરેણાં અંગનાં ના લેશ સંકોચાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે.

પરદેશમાં પૈસા કમાવા પુત્ર જ્યારે જાય છે,
માતા-પિતાનાં નયનમાં જળ ઉષ્ણ અવલોકાય છે;
દિન-રાત ચિંતન પુત્રનું કરતાં ઉરે દેખાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે.

કળિયુગમાં પુત્રો તણું વર્તન વિચિત્ર જણાય છે,
પરણ્યા પછી શ્યામા તણો શયતાન સેવક થાય છે;
સેવા તજી માતા પીતાની તુર્ત જુદા જાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે. ૬

ગર્દભ સમાન વિષય વિષે ડુબેલ દુષ્ટ દિસે સદા,
માતા–પીતા પીડાય પણ કર્તવ્યને ન કરે અદા;
હોટલ વિષે હરદમ દિસે લવલેશ ના શરમાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે. ૭

નાટક તમાશા નાર સાથે નિત્ય જોવા જાય છે,
મા–બાપ દુઃખકર તંગીની ભઠ્ઠી વિષે શેકાય છે;
પત્રો લખે બહુ પ્રેમથી પરવા જરી ન કરાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે. ૮

ક્યાં છે શ્રવણસમ દીકરા ! ક્યાં વખત એ ચાલ્યો ગયો,
વાતાવરણ વિપરીત બન્યું ? શો કોપ કુદરતનો થયો;
નવ માસ ભાર વહ્યો અફળ જનની નયન ભીંજાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે. ૯

શ્રીરામજી દશરથ વચન કાજે વસ્યા જંગલ મહીં,
સુખ દુઃખ કે જીવન તણી પરવા જરીય કરી નહિ;
માતા-પિતાના બોલ આજે ઠોકરે અથડાય છે,
ઉપકાર વિસરનાર એ પુત્રો સુખી ના થાય છે. ૧૦

નિજ તાતને સંતોષવા પણ ભિષ્મનું મશહુર છે,
એવા અલૌકિક પુત્ર માતા ભારતીનું નૂર છે;
આજેય જનસમુદાય નામ સ્મરી ઉરે હરખાય છે;
ઉપકારને સંભારનાર સપૂત સુખીયાં થાય છે. ૧૧

શ્રીમંતોને.

આપ્યું ધનિકને ઇશ્વરે ધન ધર્મને સંભાળવા,
ઉદ્યુક્ત થઇ કર્તવ્યમાં કંગાલનાં દુઃખ ટાળવા;
એ વાતનું ના સ્મરણ અંતરમાં કદીય જણાય છે,
પરમાર્થ વિણ ના અંતકાળે કોઇ એથી થાય છે. ૧

નિજ અંગના ઉપભોગ માટે હર્ષથી ધન વાપરે,
શર્તોતણા મેદાનમાં લાખોતણું પાણી કરે;
ભાગી અપંગ, અનાથ, હાથ ન કુટિલનો લંબાય છે;
પરમાર્થ વિણુ ના અંતકાળે કોઇ બેલી થાય છે. ૨

ઇલ્કાબ લેવા અંધ થઇ વેરે વસુ સરકારમાં,
ખાલી કરે ખિસ્સાં નફટ વારાંગનાના દ્વારમાં;
કો સંતને અવલોકતાં મુખ તેજહિન દેખાય છે,
પરમાર્થ વિણુ ના અંતકાળે કોઇ બેલી થાય છે. ૩

અણુમોલ વસ્ત્ર સજે સદા મનને પૂછીને ખાય છે,
બે માસમાં સેવક સહિત આબુ ગિરિપર જાય છે;
અસહાય વિધવા આવતાં હડધુત થઇને જાય છે,
પરમાર્થ વિણુ ના અંતકાળે કોઇ બેલી થાય છે. ૪

પરદેશની મોહક ચીજો લેવા સદા લલચાય છે,
હીરા, મણિથી નારને શણુગારવા શઠ ચ્હાય છે;
પરિચય વિનાના રંકને પાણી પણી ના પાય છે,
પરમાર્થ વિણુ ના અંતકાળે કોઇ બેલી થાય છે. ૫

સુખનો સમય ના કોઇનો અવિચળ રહેલ જણાય છે,
નૃપ છત્રધારી હોય પણ પળમાં ભટકતો થાય છે;
ચાલ્યા જતાં વૈભવ બની વ્યાકુળ બહુ પસ્તાય છે,
પરમાર્થવિણું ના અંતકાળે કોઇ બેલી થાય છે.

સાચો શ્રીમંત.

સાધન છતાં સુખનાં સકળ સાદાઇને ચિત્ત ચ્હાય છે,
અભિમાન અંતઃકરણમાં લવલેશ ના દેખાય છે;
કંગાલ જેના દ્વારમાં નિશદિન સંતોષાય છે,
છે ધન્ય એ ધનવાનને ગુણ ગાન સૌ જન ગાય છે. ૧

કાયા બની છે ઠાઠની એ વાત ના વિસરે કદા,
સાફલ્ય કરવા જીવનનું સત્સંગને સેવે સદા,
વિદ્યા વિકાસ વિષે વસુ જે વાપરી હરખાય છે,
છે ધન્ય એ ધનવાનને ગુણ ગાન સૌ જન ગાય છે. ૨

બંધુ સમાન ગણી સકળને મધુર વાણી ઉચરે,
દર્શાવવા નિજ દ્રવ્યબળ ફક્કડ બની ન કદી ફરે;
પરહીતમાં પ્રિત રાખીને ગોવિંદના ગુણ ગાય છે,
છે ધન્ય એ ધનવાનને યશ ગાન સૌ જન ગાય છે.

બાળક સમું દેખાય દીલ વાતાવરણ નિર્મળ કરે,
પ્રતિપળ સ્મરે ભવ ભય વિદારક મોહ માયા પરહરે;
આનંદનાં ચિન્હો અલૌકિક મુખ ઉપર દેખાય છે,
છે ધન્ય એ ધનવાનને ગુણ ગાન સૌ જન ગાય છે. ૪

દુ:ખ મુક્ત કરવા રોગીઓને ઔષધાલય આદરે,
વિધવાશ્રમો સ્થાપી વિકટ સંકષ્ટ વિધવાનાં હરે;
યાચક તણી જ્યાં મેદની જામી રહેલ જણાય છે,
છે ધન્ય એ ધનવાનને ગુણ ગાન સૌ જન ગાય છે. ૫

વિલક્ષણ વનિતા.

મુખ ક્રોધ પૂર્ણ પ્રચંડ ચંડિકા સમું દેખાય છે,
નિજ નાથને નિશદિન નક્રટ સંતાપવા ચિત્ત ચ્હાય છે;
સ્વચ્છંદતા ધારી ફુઅડ થઇ ફાળકો ફુલાય છે,
વરનાર એવી નાર ના હસતો કદીય જણાય છે. ૧

દિનકર ચડે દસ હાથ પણ પર્યંકમાં પોઢી રહે,
મુખ કન્દરમાંથી દ્વેષયુક્ત વચન તણી ધારા વહે;
દાતણ કરી ઝટપટ સલુણી અન્ન ટાઢું ખાય છે,
વરનાર એવી નાર ના હસતો કદીય જણાય છે. ૨

કપડાં વિષે મણુ મૅલ પણ ધોવા કદી ના જાય છે,
અઠવાડીયામાં એક દીન આનંદથી ના ન્હાય છે;
ભોજન વિષે ના સ્વચ્છતા કે સ્વાદ કંઇ સમજાય છે,
વરનાર એવી નાર ના હસતો કદીય જણાય છે. ૩

થાતાં કલહ ઘરમાં બિચારાં બાળને મારે બહુ,
લાંબી ઝુલી લલના તણી પાડોશીઓ ત્રાસે સહુ;
વિણુ કામ ખર્ચે દામ નામ ન કોઇથી લેવાય છે,
વરનાર એવી નાર ના હસ્તો કદીય જણાય છે. ૪

સાસુ તણી નંદા કરે ના જેઠને દે જંપવા,
દેતાં શિખામણ ઝમ પાડી તૂર્ત લાગે કંપવા;
લોકો મફતનો ખેલ જોવા ખુબ ભેગા થાય છે,
વરનાર એવી નાર ના હસતો કદીય જણાય છે. ૫

દાણા દળે આંખો મીંચીને શ્વાન બહુ હરખાય છે,
ઢાંકે ન ઘરમાં દૂધ–ઘી ઉંદર બીલાડાં ખાય છે;
સે'વાય કે કે'વાય ના મનમાં બધાં મુંઝાય છે,
વરનાર એવી નાર ના હસતો કદીય જણાય છે. ૬

નીજ પોતનું કરવા પ્રદર્શન દોરડું નાખે ગળે,
જો પાપ જાગે પૂર્વનાં તો પ્રેમદા આવી મળે;
સાધન છતાં સુખનાં સકળ ના તૃપ્ત કદીયે થાય છે,
વરનાર એવી નાર ના હસતો કદીય જણાય છે. ૭

હિંદ માતાની હાકલ.

રાણી હતી સૌ દેશની તે આજ હા! અસહાય છે,
આંસુ દિસે આંખો વિષે, કૃશ કાય, હાય જણાય છે;
દુઃખ મુક્ત બનવા વિનવે, સંતાન સઘળાં જાગજો,
લાવી દયા માતા તણી, વસ્ત્રો વિદેશી ત્યાગજો. ૧

થઇ મોહને આધીન, બેદરકાર ના બનશો જરી,
કરજો અદા ઋણ માતનું, કર્તવ્ય શર કરમાં ધરી;
અણમોલ આ આવ્યો સમય, વિરતા, વિરો દર્શાવજો.
પ્રિય હિંદનાં જય ગાન મંગળ જગતમાં ગવરાવજો. ૨

સમાપ્ત.

"જાદરકર કાવ્યમાળા" માટે કેટલાક વિદ્વાન સદ્ગૃહસ્થો તરફથી મળેલા અભિપ્રાય.

Sir Pratap High School,
Idar, 6-10-1929.

I have carefully persued 'The Jadarkar Kavyamala' complied by Mr. Manilal Jiwram Gandhi. The author's heart seems to have been touched with pity at the abject state of the present Indian society; and he has done his level best to eradicate most of the caste-evils which eat into the vitals of the society, by exhorting the old and the young, the poor and the rich, men and women, all alike, to be wide awake to their multifarious duties, by writing the above named series in a simple, natural style. In my opinion, the work will prove very useful in accelerating the pace of social reform in India by its wide circulation among the public.

K. N. Patel,
Head Master,
Sir Pratap High School

HIMATNAGAR,
19th August 1929.

The Kavya-Mala composed by Mr. Manilal J. Gandhi is equally useful to the young and the old. It appeals to moral sentiments and inculcates noble idaes in the mind.

Logical sequence of thoughts arranged in a very lucid-natural style greatly enhances the beauty of the book.

The author has brought all his genius to bear upon this work-the first of its kind.

C. G. Gandhi,
Head Master,
A. V. School,-HIMATNAGAR.

અમદાવાદથી પ્રકટ થતું સુપ્રસિદ્ધ

"ગુજરાતી પંચ" પોતાના તા. ૨૨-૯-૨૯ ના અંકમાં લખે છે કેઃ—

"આ નાનકડા પુસ્તકમાંના કાવ્યો ખાસ દ્રષ્ટિબિંદુથી લખાએલાં છે. નિબંધના વિષયો શિખતાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડતી હોવાથી, કાવ્યોદ્વારા એ વિષયો રા૦ જાદરકરે ચર્ચ્યા છે. સરળ અને વાહક શૈલીમાં એ કાવ્યો છે. એની એકજ વાનગી અત્રે આપવી બસ થઇ પડશે.

(પૃષ્ઠ ૪૮)

રાણી હતી સૌ દેશની, તે આજ હા ! અસહાય છે,
આંસુ દિસે આંખો વિષે, કૃશ કાય હાય ! જણાય છે.
દુઃખ મુક્ત બનવા વિનવે, સંતાન સઘળાં જાગજો,
લાવી દયા માતા તણી, વસ્ત્રો વિદેશી ત્યાગજો.

લગભગ તમામ કાવ્યોમાં આવી સરળ ઢબ હોવાથી વાંચન મનોરંજક થઇ પડે છે અને સાથે સાથે બોધ મળે છે. વિદ્યાર્થીઓને બેશક આ પુસ્તક ઉપયોગી થઈ પડશે.

ભરુચાળુ, તા. ૩૦-૯-૨૯.

રા. રા. ભાઇશ્રી મણિલાલ,

તમારી કાવ્યમાળા સાદ્યન્ત અવલોકી અપૂર્વ આનંદ થયો છે. તમારા જેવા નવયુવકો આ પ્રગતિ કાળમાં વિવિધ વિષયો પરત્વે કાવ્યો લખી ભાવિ પ્રજાના કલ્યાણ-પથ પ્રદર્શક બને એ સર્વથા ઇચ્છવા યોગ્ય છે. બાલ્યકાળથી જ સાહિત્ય પ્રત્યેના તમારા સતત અભ્યાસના અંતે તમારૂં તે દિશામાં ઉંડું જ્ઞાન એક કાવ્યમાળાના રૂપમાં પરિણત થએલું જોઇ મને વિશેષ આનંદ થાય છે.

આવી કાવ્યમાળાઓ કવિતા સાહિત્યમાં વધતી જાય તો ઉગતા વાંચકોની સરસતા સહેજે કેળવાય તેમાં નવાઇ નથી. અંતમાં તમારા આ સાહિત્યશ્રમ માટે હું અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું.

લી. ભવદીય,

શંકરલાલ ગુલાબરાય કડરનિવાસી.

બરવાણી મહારાણીજી સાહિબાના પ્રાઇવેટ સેક્રેટરી.

વડાલી. તા. ૧-૧૦-૨૯.

શ્રીયુત મણિલાલભાઇ.

મુ. છકર.

આપની કાવ્યમાળા મળી. વાંચીને ઘણો આનંદ થયો. આપે નાનું પણ બહુ ઉપયોગી પુસ્તક રચ્યું છે. આજ કાલ નવલકથાઓ તથા નાટકો વગેરે તુચ્છ હાસ્ય વિનોદનાં જથાબંધ પુસ્તકો બહાર પડે છે, તેથી સમાજને લાભને બદલે હાની થાય છે.

સમાજનો આત્મા ધર્મ-નીતિના અમૃત રસથી પોષાતો હોય છે, જેથી સમાજની ઉન્નતિ માટે સામાન્ય ધર્મ-નીતિનાં આવાં કાવ્યોનો બહોળા પ્રમાણમાં પ્રચાર થવાની જરૂર છે.

બધાં કાવ્યો વ્યવહારમાં પગે પગે ઉપયોગી થઈ પડે તેવાં છે. નાનાં બાળકોને આ કાવ્યો વંચાવવાથી તેમનાં હૃદયમાં ધર્મ અને નીતિના સંસ્કાર પડી શકે તેમ છે, તેમજ મોટાઓને પણ તેમાંથી અનેક પ્રકારનો સુન્દર બોધ મળી શકે તેમ છે.

આશા છે કે સમાજ આ સર્વાંગ સુન્દર પુસ્તકનો સ્નેહપૂર્વક સત્કાર કરશે.

લી. શુભચિંતક,

ગણપતિશંકર જયશંકર શાસ્ત્રી.

:

વડાલી. તા. ૧૬–૯–૨૯.

શ્રીયુત મણિલાલભાઈની કસાએલી કલમથી લખાઈ પ્રકટ થએલી કાવ્યમાળા વાંચી હૃદયમાં અનહદ આનંદ થયો. તેની અંદર ઉત્તમ પ્રકારના વિષયો ગોઠવવામાં આવ્યા છે. ભાષા સરળ, સંસ્કારી અને ભાવવાહક છે.

આ કાવ્યમાળા શિક્ષકોને તથા ઊંચા ધોરણના વિદ્યાર્થીઓને અવશ્ય વાંચવા–વિચારવા જેવી છે. વિદ્યાર્થી આ કાવ્યમાળા શિખ્યા પછી કોઈ પણ વિષય પર સુન્દર રીતે નિબંધ લખી શકે એમ હું માનું છું.

કાવ્યમાળા લખવા પાછળ લીધેલા પરિશ્રમ જોતાં તેની ૦–૪–૦ કિંમત તદ્દન જુજ છે. જેથી ગરીબ વર્ગ પણ સહેલાઈથી તેનો લાભ લઈ શકે તેમ છે.

લેખક તરફથી આવાં અનેક પુસ્તકો બહાર પડે એવી મારી હાર્દિક અભિલાષા છે.

રામશંકર મગનલાલ શાસ્ત્રી.
મુ. વડાલી.

હીંડોલ, તા. ૫-૮-૨૯.

મહેરબાન ઈડર તાલુકા સ્કુલ હેડમાસ્તર સાહેબ,
મણિલાલભાઇ.

મુ. ઇડર.

વિ. આપનું "કાવ્યમાળા" નામનું પુસ્તક મેં ધ્યાનપૂર્વક વાંચ્યું છે. તે વિદ્યાર્થીઓને નિબંધ શિખવવામાં તેમ જનસમાજને, માનસિક અને નૈતિક શક્તિઓ ખીલવવામાં મદદરૂપ થઇ પડશે એવી મારી માન્યતા છે.

વિદ્યાર્થી બંધુઓ અને જનસમાજ આ કાવ્યમાળાને હૃદયપૂર્વક આવકાર આપશે એવી આશા છે.

લી. આપનો સ્નેહાંકિત,
રસુલમીયાં અહમદમીયાં મલેક.
હેડમાસ્તર.

અગાઉથી ગ્રાહક થનાર ઉદારચિત્ત ગૃહસ્થોનાં નામ.

મુડેટી.

૪૦ મહેરબાન ઠાકોર સાહેબ શ્રી લક્ષ્મણસિંહજી.

મેહાસણ.

૪ શ્રીયુત બહેચરદાસ શામળદાસ
૨ ,, અમૃતલાલ જેઠાલાલ
૨ ,, જયચંદ અખેચંદ
૧ ,, તેજરામ જેઠાલાલ
૧ ,, જમનાદાસ ગુલાબચંદ

ગાબટ.

૪ શ્રીયુત શંકરલાલ ડુંગરદાસ.
૨ ,, ફકીરભાઇ વીરમભાઇ
૧ ,, રેવાભાઇ ભગવાન

રાયગઢ.

૧ રા. રા. સોમેશ્વર નાથાલાલ
૧ ,, રણછોડ નવાજી
૨ ,, દુર્ગાશંકર સીતાપર
૧ રા. રા. જયશંકર દુર્લભરામ
૧ ,, છોટાલાલ જાદવજી
૧ ,, ડાહ્યાભાઇ પ્રલ્હાદજી
૧ ,, શ્રી યુવક લાઇબ્રેરી
૨ ,, શ્રીયુત કેશવલાલ ગણપતરામ

મુંબાઇ.

૫ રા. રા. અંબાશંકર જદુરામ
૨ ,, કોદરલાલ ભુરાલાલ

બરવાળી.

૨ શ્રીમાન શાસ્ત્રિજી ગજાનંદજી
૧ ,, પુરોહિત ગણપતિ શર્મા
૧ ,, પંડિત નારણભાઇ શુક્લ
૧ ,, ઉદરભાઇ શેઠ
૧ ,, ધનેસિંહજી હાડા
૧ ,, રામસિંહજી કોઠારી
૧ ,, પંડિત શિવનારાયણ
૧ ,, મોહનસિંહ ચૌહાણ
૧ ,, શિવસિંહજી ભાટી
૧ ,, દેવીસિંહ હાડા

૧ શ્રીમાન ગોપાળસિંહ સોલંકી
૧ ,, જગન્નાથસિંહ હાડા
૧ ,, ખુશાલી રામજી સાહેબ
૧ ,, આનંદીલાલ સોનાર
૧ ,, ગણુપતસિંહજી હજુરી
૧ ,, ડૉ. સાહેબ કાલુરામજી
૧ ,, સુદામાજી કંપાઉન્ડર
૧ ,, મોતીરામજી હેડ કંપાઉન્ડર

રાજપુર.

૧ શ્રીયુત પુરશોતમ નાગર

ઈડર.

૧૦ શ્રીયુત શંકરલાલ ગુલાબરાય
૪ ,, ચુનીલાલ બહેચરદાસ
૧ ,, ખુશાલદાસ રઘુરામ
૧ ,, વીરચંદ કુબેર
૧ ,, વજાજી પુંજાજી
૧ ,, પ્રાગજી બહેચર
૧ ,, ડાહ્યાલાલ ખેમાજી
૧ ,, હરિભાઈ અમથાભાઇ
૧ ,, વજાજી મોંઘાજી
૧ ,, મુળજી કચરાભાઇ
૩ ,, ખેમાજી હીરાભાઇ
૧ ,, પ્રભુદાસ ખુશાલદાસ
૧ ,, જેઠાજી અમરાજી

૧ શ્રીમાન મોંઘાભાઇ ધનાભાઇ
૧ ,, હીરાભાઇ કોદરભાઇ
૧ ,, કશનદાસ રામજીભાઇ
૧ ,, અવચળ સાંકાજી
૧ ,, છગનદાસ મોતીભાઇ
૧ ,, અલખાજી જીવાજી
૧ ,, મુળજી ગલાજી
૧ ,, ખેમાભાઈ કાળાભાઇ
૧ ,, પુંજાજી વજાજી
૧ ,, લલ્લુભાઇ જેઠાભાઈ
૧ ,, માનાજી જેઠાજી
૧ ,, તેજગીરજી શંકરગીરજી
૧ ,, જીવરામ ગુલાબરામ
૧ ,, ભાઇચંદ લલ્લુભાઇ

ચોરીવાડ.

૧ હીરાભાઇ લાલાભાઇ

પાલ.

૨૦ મહેરબાન રાવજી સાહેબ શ્રી પૃથ્વીસિંહજી

મેઘરજ.

૧ રા. રા. મગનલાલ મોતીરામ

કાંકણપુર.

૧ રા. રા. અંબાલાલ પિતાંબર

સાવલી.

૧ રા. રા. બહેચરલાલ કાશીદાસ
૧ ,, તુલજારામ વેણીરામ
૧ ,, મોહનલાલ મોતીરામ
૧ ,, હીરાચંદ નેમચંદ
૧ ,, પુરશોતમ અમીચંદ
૧ ,, દેવચંદ રાયચંદ
૧ ,, ફુલચંદ હેમચંદ
૧ ,, નાથાભાઇ હરીભાઇ

આકરૂંદ.

૧ શ્રીયુત અમીચંદ રવચંદ
૧ ,, છોટાલાલ બહેચર
૧ ,, ભોગીલાલ રવચંદ
૧ ,, હરગોવિંદ કાશીદાસ
૧ ,, પાનાચંદ બહેચરદાસ
૧ ,, શીવાભાઇ ભગાભાઇ
૧ ,, કોદરભાઇ જેસીંગભાઇ
૧ ,, ગોબરદાસ નારણભાઇ

ભોળાનો મઠ.

૧ રા. રા. કુંવરીપરી મોતીપરી

દેવગામડા.

૫ મહેરબાન ઠાકોર સાહેબ શ્રી પ્રતાપસિંહજી
૧ રા. રા. જગતસિંહજી જુવાનસિંહજી
૧ ,, બાલુસિંહ લાલસિંહ
૧ ,, કમળજી પદમજી
૧ ,, જીવણ મોતી
૧ ,, માંધજી કચરજી
૧ ,, મનજી ગોકળજી
૧ ,, રતનજી મંગળજી
૧ ,, સિવસિંહજી ઉમેદસિંહજી
૧ ,, દેવીસિંહજી નહારસિંહજી
૧ ,, વાસુદેવ નાથુરામ

પ્રેમપુર

૫ મહેરબાન ઠાકોર સાહેબ શ્રી હરિસિંહજી

હાથરોલ.

૫ મહેરબાન ઠાકોર સાહેબ શ્રી
રામસિંહજી

વડાલી.

૧ રા. રા. કડુભાઇ એદલમીયાં
૧ „ મોતીજી બાદરજી
૧ „ ગોબરસિંહ રતનસિંહ
૧ „ પ્રલ્હાદ કેવળરામ
૧ „ કિશોરદાસ વાઘજી
૧ „ અમૃતલાલજી ગણપતરામ
૧ „ ભીખાલાલ હાથીભાઇ
૧ „ સ્વરૂપચંદ બહેચરદાસ
૧ „ ડાહ્યાલાલ અમથારામ

અમરાપુર.

૧ રા. રા. રેવાશંકર પ્રેમાનંદ

દેવની મોરી.

૫ મહેરબાન ઠાકોર સાહેબ
શ્રી મુળસિંહજી

સામેત્રા.

૫ મહેરબાન ઠાકોર સાહેબ શ્રી
વિજયસિંહજી

કારજા.

૫ મહેરબાન કુમાર સાહેબ શ્રી
રણજીતસિંહજી.

પ્રાંતીજ.

૧ રા. રા. હર્ષદરાય છમનલાલ

કઠલાલ

૧ રા. રા. મહાશંકર ગણપતરામ

અમદાવાદ

૧ રા. રા. ગમાભાઇ કેશરજી
૧ „ અંબાલાલ રણછોડ
૧ „ કૃપાશંકર મયારામ

હિંમતનગર

૧ રા. રા. લલ્લુભાઇ જયચંદ
૧ ,, પુનમચંદ નાથાલાલ

કાંણીયોલ.

૧ રા. રા. પુરશોતમ અમચંદ
૧ ,, સાંકાભાઇ જેઠાભાઇ
૧ ,, ચંચળપરી રાજપરી
૧ ,, દાનાભાઇ ગોવાભાઇ
૧ ,, મણિલાલ ભાઇચંદ
૧ ,, માધવલાલ દેવચંદ

રામપુર.

૧ રા. રા. હીરાભાઇ સાંકાભાઇ
૧ ,, નથુભાઇ વિઠ્ઠલભાઇ
૧ ,, હરિભાઇ તુલશીભાઇ

જાંબુડી.

૨ રા. રા. અમથાલાલ સાંકળચ
૧ રા. રા. છોટાલાલ તલકચંદ

પ્રતાપપુર.

૧ રા. રા. મોહનભાઇ મગાભાઇ

વાસણા.

૧ રા. રા. બાપુજી હેમાજી

કારછા

૧ રા. રા. શિવસિંહ રૂપસિંહ

બાકરોલ

૧ રા. રા. શાંતીલાલ દેવશંકર

